# ભારતની ઓનલાઈન ટ્રાવેલ કંપની, 'Make My Trip. Com' મેક માય ટ્રીપ. કોમ હવે અમદાવાદમાં

અમદાવાદ, મે ૨૫, ૨૦૦૭ : ભારતની ૧ પ્રથમ ક્રમાંકની ઓનલાઈન ટ્રાવેલ કંપની, **'Make My Trip. Com'** એ આજે, ગુજરાત રાજ્યમાં તેનો વ્યવસાય વિકસાવવાની જાહેરાત કરી હતી. તેની કામગીરીના નવપ્રસ્થાન થવાની સાથે જ હવે પ્રવાસીઓ વિશ્વસ્તરની મુસાફરીની સેવાઓ મેળવી શકશે. સસ્તામાં સસ્તી એરલાઈન ટિકિટ, હોટલ બુકીંગમાં વ્યાજબી દર અને જે રીતે જોઈએ તેવા રજા માણવાના વિકલ્પો. આ બધી જ સુવિધાઓનો લાભ હવે ગુજરાતના ગ્રાહકો પણ મેળવી શકશે. શહેરના હૃદયસમા વિસ્તાર, સી.જી.રોડ પર મેક માય ટ્રીપની ઓફિસ આવેલી છે. જેમને ઓનલાઈન પર ખરીદી કરવી હોય, તેઓ **www.makemytrip.com** પર લોગઈન કરીને સેવાનો લાભ લઈ શકે છે.

મેક માઈ ટ્રીપ ના ભાવ અને ગ્રાહકોની ઓછામાં ઓછી કિંમતની એરલાઈન ટિકિટ હોટલ રૂમ્સ અને રજાઓ માટે ભાવ અને ગ્રાહકોની જરૂરિયાત પ્રમાણેના વિકલ્પો- આ બધુજ અમદાવાદના ગ્રાહકોને અનુકુળ રહેશે.

મેક માય ટ્રીપ. કોમ નીં ઓફિસ સી.જી. રોડના મધ્યમાં આવેલી છે. ત્યાં ગ્રાહકોને સમર્પિત એવી કસ્ટમર સર્વિસ ટીમ છે. ગ્રાહકો નિરાંતે અમારે ત્યાં આવીને અમારા કસ્ટમર સર્વિસ પ્રતિનિધિ સાથે વાત કરીને સારામાં સારા ભાવ મેળવી શકશે. મેક માય ટ્રીપ. કોમ તેના ગ્રાહકોને ઓછામાં ઓછા એરફેરની બાયધરી આપે છે. આ લાભ હવે અમદાવાદના મુસાફરોને પણ મળશે. રૂચિ પરાવતા મુસાફરો હવે મેક માય ટ્રીપની ઓફિસની મુલાકાત લઈ શકશે અથવા તો ૦૭૯-૪૦૦૮૮૭૪૭ પર ફોન કરી, બજારમાં ઉપલબ્ધ મુસાફરીના સારામાં સારા સોદા વિશે જાણકારી મેળવી શકશે.

ગ્રાહકોને સંપૂર્ણ સગવડ અને સેવાઓ મળે તે માટે મેક ટ્રીપ બહુવિધ પૂરા પાડે છે. જો કોઈ ગ્રાહકોને પેકેડ-બુકીંગ કે બીજી કોઈપણ જરૂરિયાત માટે ઓફલાઈન સેવાની જરૂર હોય, તો તે માટે તેની પાસે ૨૪ કલાકનું કસ્ટમર કેર સેન્ટર છે. ૩૫૦ થી વધુ કર્મચારીઓ ઓફલાઈન મદદ આપવા તત્પર રહેતા હોય છે.

આ ઈન્ડસ્ટ્રીના પ્રણેતા હોવાને કારણે અને ગ્રાહકોને વિશ્વાસપાત્ર ઓનલાઈન લેવડ દેવડનો અનુભવ આપવાની જવાબદારીને કારણે મેક માય ટ્રીપે ચૂકવણી સુરક્ષા અને ગુપ્તતા અંગે વ્યવહારનીતિ અપનાવી છે.